ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 21th April, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

................................................................................, ભાવનગર.

## ભાવેણાની ખગોળપ્રેમી જનતાઓએ કુતુહલતા સાથે નિહાળી માનવ નિર્મિત 'ઉડતી પ્રયોગશાળા - ISS'

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત, વિજ્ઞાન તેમજ ખાગોળ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે ૧૫ વર્ષથી કાર્યરત છે.

અવકાશ વિજ્ઞાન પ્રત્યે લોક જાગૃતિ લાવવા અને લોકોને અવકાશમાં જોતા, જાણતા અને સમજતા કરવા માટે વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમ્યાન અનેક ખગોળીય ઘટનાને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેનાં કાર્યક્રમો અને સંવાદો યોજવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ (BAC) દ્વારા ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન નિહાળવા તેમજ સમજવા માટે તા. ૨૦ એપ્રિલ, ૨૦૧૭ ને ગુરુવારે સાંજે ૦૭:૦૦ કલાકે તખ્તેશ્વર મંદિર ખાતે જાહેર પરીસંવાદનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન એક નાનકડા ખરતા તારા જેવું **ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ઉત્તર – પૂર્વ (વાયવ્ય ખૂણો) થી દક્ષીણ – પશ્ચિમ (અગ્નિ ખૂણો) તરફ ગતિ કરતું જોઇને ૫ વર્ષના બાળકથી લઇ ૮૪ વર્ષના વડીલોના ચેહરાઓ પર એક અજીબ પ્રકારની કુતુહલતા સાથે ધન્યતાની લાગણી અનુભવી હોય તેવા અંતરીક મનના વિચારો જણાવ્યા હતા.** ઉપરાંત કાર્યક્રમમાં ભાવનગર જીલ્લ માટે ખગોળ વિજ્ઞાનના ભીષ્મપિતા કહી શકાય તેવાં પ્રો. સુભાષભાઈ મહેતાએ લોકોને સ્પેસ સ્ટેશન વિષે સચિત્ર માહિતી આપી વ્યક્તિઓના મનમાં ઉદ્દભવેલા અનેક સવાલોને પૂર્ણ કાર્ય હતા.

સ્પેસ સ્ટેશન નિહાળ્યા બાદ ટેલીસ્કોપ દ્વારા ગુરૂ ગ્રહ અને તેના ચાર ઉપગ્રહ આઈસો, યુરોપા, ગેલીમીડ અને કેલીસ્તોને નિહાળવાનો નયનરમ્ય અવસર પણ ભાવેણાની ખગોળપ્રેમી જનતાને મળ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમને ભાવેણાની ૩૦૦થી વધારે ખગોળપ્રેમી જનતાએ નિહાળેલ જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેનની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 21-4-17

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.